ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૧૮ ઓક્ટોબર, ૨૦૨૬

# ડીઝલનો ભડકો દુનિયામાં અશાંતિ ફેલાવશે?

દુનિયાએ ડીઝલ ઇંધણનો આભાર માનવો જોઈએ કે જેના થકી અમેરિકાની ભેદભાવભરી નીતિનો જગતના લોકોને સ્પષ્ટ પરિચય થયો. અમારા માટે અલગ ધારાધોરણો, અલગ છાપ-કાટલાં અને દુનિયા માટે અલગ. અમેરિકાની તાકાત અને અહમ્‌નું આ પરિણામ છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સતત બદલાતા મિજાજને કારણે આ વાત દુનિયા સમક્ષ પ્રગટ થઈ ગઈ. પ્રમુખને તેનો મલાલ નહીં હોય કારણ કે તેઓ હંમેશાં કહેતા આવ્યા છે કે 'અમેરિકા ફર્સ્ટ' પરંતુ અમેરિકાની જોહુકમીનો સતત શિકાર બનવું પડે છે તેથી બાકીના દેશોને તેનું દુ:ખ છે. ભારત આ દંભનો વધુ ભોગ બનતું રહ્યું. હવે મેણાં સાંભળવાનું બંધ થશે.

પશ્ચિમના દેશોના નેતાઓ દરેક મંચ પર યુક્રેન-રશિયા યુદ્ધ લાંબું ખેંચાયું તે માટે ભારતને કસૂરવાર ઠરાવતા હતા. યુક્રેનના પ્રમુખ વ્લોદોમીર ઝેલેન્સ્કી ત્યાં સુધી કહેતાં કે ભારત રશિયા પાસેથી ક્રૂડ ખરીદવાનું બંધ કરે તો એક સપ્તાહમાં યુદ્ધ બંધ પડી જશે. અમેરિકા પાસે પોતાના તેલના કૂવાઓ અને ભંડારો છે. ભારતે તો જરૂરિયાતનું મોટા ભાગનું તેલ આયાત કરવું પડે છે. એ વાત અલગ છે કે ભારત સરકાર સાવ તાબે ન થઈ અને અન્ય વાજબી વિકલ્પો પાસેથી તથા રશિયા પાસેથી તેલ ખરીદવાનું ચાલુ રાખ્યું. ભારત અમેરિકાની ધોંસ ચારેક વર્ષથી સહન કરતું આવ્યું છે. હોર્મુઝની ખાડી અને રાતા સમુદ્રમાં યુદ્ધકીય નાકાબંધી તેમ જ વર્તમાન યુદ્ધને કારણે હેવી પ્રકારના ક્રૂડ ઓઇલનો જે પુરવઠો દુનિયાને મળતો હતો તે બંધ પડી ગયો. વાસ્તવમાં અમેરિકા દુનિયામાં તેલનું ઉત્પાદન કરતો સૌથી મોટો દેશ છે. બીજા ક્રમે રશિયા છે પરંતુ શેલ ટેક્નોલોજી વડે અમેરિકામાં જે ક્રૂડ મળે છે તે 'લાઇટ એન્ડ સ્વીટ'ની કેટેગરીમાં આવે છે. અમેરિકામાં દાયકાઓ અગાઉ બાંધવામાં આવેલી રિફાઇનરીઓ 'હેવી એન્ડ સાવર' ક્રૂડ ઓઇલને પ્રોસેસ કરવા માટે બાંધવામાં આવી હતી. અમેરિકા દરરોજ એક કરોડ 34 લાખ બેરલ ક્રૂડ તેલનું ઉત્પાદન કરે છે પણ તેમાંનું મોટા ભાગનું લાઇટ એન્ડ સ્વીટ હોવાથી તેમાંથી પેટ્રોલ બને છે. ડીઝલનું ઉત્પાદન કરવા અમેરિકાએ બહારથી હેવી એન્ડ સાવર ક્રૂડની આયાત કરવી પડે છે. અખાતમાં યુદ્ધને કારણે આયાત ઓછી થઈ ગઈ છે અને રિફાઇનરીઓ પાસે પૂરતું કામ નથી. આ સ્થિતિ પણ સાવ એકાએક નથી આવી.



વાસ્તવમાં અમેરિકા પણ તેની જરૂરિયાત કરતાં વધુ ડીઝલ ઓઇલ પેદા કરે છે. ઘરઆંગણે 59.56 અબજ ગેલનની માગ છે, તેની સામે 73.8 અબજ ગેલન ડીઝલ પેદા કરે છે. અમેરિકન રિફાઇનરીઓને આંતરરાષ્ટ્રીય બજારમાં ડીઝલ વેચવાની છૂટ છે. નફો રળવા માટે અમેરિકન રિફાઇનરીઓએ ઊંચી કિંમતે દુનિયાના અન્ય દેશોમાં તે વેચવા માંડ્યું. જગતમાં યુક્રેન-રશિયા અને મિડલ ઇસ્ટમાં લાંબા સમયથી યુદ્ધો ચાલી રહ્યાં છે. તેથી આ બે પ્રદેશો સિવાયના ડીઝલ ઉત્પાદકો અને રિફાઇનરીઓને તગડી કમાણી થઈ અને હજી થઈ રહી છે. સ્થિતિનો લાભ લેવા અમેરિકનોએ ભંડારમાં હતું તેમાંથી મોટા ભાગનું ડીઝલ દુનિયાના ખુલ્લા બજારમાં વેચી દીધું.

**આખરે પગ નીચે રેલો આવ્યો ત્યારે દુનિયા માટે કબાટમાં ગોઠવી રાખેલા સિદ્ધાંતો અને આદર્શોને તિલાંજલિ આપી દેવામાં આવી**

તેમણે ધાર્યું ન હતું કે ઇરાન મજબૂત ટક્કર આપશે અને યુદ્ધ લાંબા તથા અનિશ્ચિત સમય સુધી ચાલુ રહેશે. અમેરિકાના આરબ મિત્ર દેશો પાસેથી જે પુરવઠો આવતો હતો તે ધીમો પડી ગયો અને અંતે ઠપ થઈ ગયો.

**કબીરા ખડા બજાર મેં**
**વિન્સી મરચન્ટ**

અમેરિકામાં ડીઝલની કિંમત ગેલનદીઠ 6 ડોલર 30 સેન્ટ થઈ ગઈ, એટલે કે તેમાં 60% જેટલો વધારો થયો. અમેરિકામાં ભારવહનની નાનીથી માંડીને તોતિંગ ટ્રકો, ખેતીવાડી અને અન્ય કામનાં વિશાળ યંત્રો, ક્રેન્સ વગેરે ડીઝલથી જ ચાલે છે. અન્ય કારણોસર અમેરિકામાં મોંઘવારી વધી રહી છે. જો કે અમેરિકાનું ઘરઆંગણાનું મેન્યુફેક્ચરિંગ પણ પ્રમુખ ટ્રમ્પની ટેરિફ નીતિને કારણે વધ્યું છે. ડીઝલની ઊંચી કિંમતો અનેક તબક્કે ચીજવસ્તુઓને મોંઘી બનાવે છે. ભારત અને અન્યત્ર પણ આ વાત સાચી છે. ભારતમાં ડીઝલની કિંમત પેટ્રોલની સરખામણીમાં લિટરદીઠ સાડા છથી માંડીને તેર રૂપિયા જેટલી સસ્તી હોય છે. અમેરિકામાં ઊલટો ક્રમ છે. ત્યાં પેટ્રોલ કરતાં ડીઝલ મોંઘું હોય છે.

આવતી ત્રીજી નવેમ્બરના રોજ અમેરિકાની જનપ્રતિનિધિ સભાની તમામ 435 બેઠકો માટે મિડટર્મ ચૂંટણી યોજાઈ રહી છે. પ્રમુખ ટ્રમ્પ માટે આ પ્રતિષ્ઠાનો સવાલ છે. જો કે તેમનું રેટિંગ ઘણું ઘટી ગયું છે. છતાં ચૂંટણી ટાણે મોંઘવારી વધે તો જીતવાની સંભાવના ઘટી જાય. બીજી તરફ રિફાઇનરીઓ પાસે કામ ઘટી ગયું અને ખેતીવાડી ક્ષેત્રની ફરિયાદો વધી ગઈ. પ્રમુખ ટ્રમ્પને પોતાને જ ખ્યાલ નથી કે અંદાજ આવતો નથી કે ઇરાન સાથેનું યુદ્ધ ક્યારે બંધ થશે. ધાર્યું હતું એ રીતે ઇરાન ઝૂકતું નથી. આખરે પગ નીચે રેલો આવ્યો ત્યારે દુનિયા માટે કબાટમાં ગોઠવી રાખેલા સિદ્ધાંતો અને આદર્શોને તિલાંજલિ આપી, ગત નવમી ઓક્ટોબરે તેમણે રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે ફોન પર 48 લાખ મેટ્રિક ટન અર્થાત્ લગભગ ત્રણ કરોડ 58 લાખ બેરલ તેલ અને ડીઝલ ખરીદવાનો સોદો કર્યો. આ ખરીદી માટે અમેરિકા રશિયાને આશરે આઠ અબજ ડોલરની ચૂકવણી કરશે. શું રશિયા એ રકમ ધર્માદામાં વાપરશે? ટ્રમ્પને આ સવાલ કરવાની જરૂર હતી અને વાસ્તવમાં ઝેલેન્સ્કી ટ્રમ્પને એ સવાલ કરી રહ્યા છે. અમેરિકાના જો બાઇડને ઝેલેન્સ્કીને ખોટો પાનો ચડાવી યુદ્ધમાં ઘાલ્યા હતા, એ અમેરિકા હવે રશિયાને મદદગાર બનશે? રશિયા અને યુક્રેન એકબીજાના ઊર્જા માળખા પર આક્રમણ નહીં કરે એ તરકટ આગળ કરવામાં આવ્યું છે પરંતુ તે લાંબું ચાલ્યું નથી. રશિયા સતત હુમલાઓ કરી રહ્યું છે અને વીજળીની વ્યવસ્થા ખોરવાઈ જાય છે. લોકો મરણ પામે છે. આ લખાઈ રહ્યું છે ત્યારે જ, 14 ઓક્ટોબરના રોજ કીવ પર મોટો હુમલો થયો હતો.

દુનિયામાં ઊર્જા ઉત્પાદન પર નજર રાખતી વૉચડોગ સંસ્થાઓના આકલન મુજબ ડીઝલ અને અન્ય ઇંધણની આ તંગી વર્ષ 2027માં પણ ચાલુ રહેશે. મિડલ ઇસ્ટની અનેક રિફાઇનરીઓને મોટું નુકસાન થયું છે, તેથી તે બંધ પડી છે. રશિયાની કેટલીક રિફાઇનરીઓ પણ બંધ પડી છે. અમેરિકાએ ડીઝલ ખરીદવાની સાથે રશિયા પર મૂકેલા આર્થિક પ્રતિબંધો આવતા એપ્રિલ સુધી હળવા કરી દીધા છે.

અમેરિકાએ યુક્રેનને જણાવ્યું છે કે રશિયાની રિફાઇનરીઓ પર ડ્રોન વડે કરવામાં આવતા હુમલા બંધ કરી દેવા. યોગાનુયોગ છે કે ગોઠવણ મુજબ છે તે કહેવું મુશ્કેલ છે પરંતુ ઇલોન મસ્કની ઉપગ્રહો આધારિત ઇન્ટરનેટ સેવા સ્ટારલિંકની ઝડપ ધીમી પડી છે. પરિણામે રશિયન ડ્રોન આવતાં હોય તેની ભાળ યુક્રેનની સેનાને મોડી મળે છે. મળે ત્યાં સુધીમાં રશિયન ડ્રોન ખાનાખરાબી કરી ચૂક્યાં હોય છે. ઝેલેન્સ્કીએ આ માટે ઇલોન મસ્કને જવાબદાર ગણાવ્યા તો મસ્કે તેના માટે ટ્રમ્પને જવાબદાર ગણાવ્યા છે. લાગે છે કે ઝેલેન્સ્કીને યુદ્ધ બંધ કરવાની ફરજ પડે એવો કારસો પુતિન સાથે મળીને ટ્રમ્પ મહાશયે ઘડ્યો છે. યુદ્ધ બંધ થાય તો ડીઝલની સ્થિતિ થાળે પડશે. જો કે ઇન્ટરનેશનલ એનર્જી એજન્સીના કહેવા પ્રમાણે, યુદ્ધ બંધ થાય તો પણ સ્થિતિ થાળે પડતાં નવું અંગ્રેજી વર્ષ આવી જશે. અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે ડીઝલની તંગીની અસર મોંઘવારીરૂપે દુનિયાના તમામ દેશો અને પ્રજા પર પડશે. પારાવાર ફાયદો માત્ર ચાલુ રિફાઇનરીઓને થશે.

# શતાબ્દી વર્ષે સંઘ સામે પ્રતિષ્ઠા અને અસ્તિત્વનું ધર્મસંકટ




૧૨મી ઓક્ટોબરે (સોમવારે કામકાજના દિવસે) રાહુલ ગાંધીના નેતૃત્વમાં ઇન્ડિયા ગઠબંધને જે વિરાટ મોરચો કાઢ્યો અને એમાં જે માનવમહેરામણ ઉમટ્યો હતો એવી ઘટના મેં આજ સુધી જોઈ નથી. ૧૯૬૯થી રાજકારણને જોઈ રહ્યો છું, અનેક આંદોલનો જોયા છે, કેટલાંકમાં ભાગ લીધો છે, જેલ ભોગવી છે, પણ આટલો પ્રતિસાદ ક્યારેય જોયો નથી. ૧૯૭૪-૭૫માં ઇન્દિરા ગાંધી વિરુદ્ધ લોકોનો રોષ પેદા થયો હતો ત્યારે પણ નહીં અને ૧૯૭૭માં ઈમરજન્સી ઉઠી ત્યારે પણ નહીં. લોકોને ટ્રક કે બસમાં નહોતા લાવવામાં આવ્યા. પૈસા આપીને લાવવામાં નહોતા આવ્યા. સ્વ-પ્રેરણાથી પોતાની કલ્પનાના ભારતને બચાવવા જોખમ ઉઠાવીને લોકો આવ્યા હતા. દિલ્હીમાં પોલીસનો આતંક જોઇને લોકોએ ડરવું જોઈતું હતું અને એવી જ શાસકોની અપેક્ષા હતી. મેં મારા જીવનમાં આટલી નિર્ભયતા ક્યારેય જોઈ નથી. ગાંધીજીના યુગમાં અશિક્ષિત ગરીબ સામાન્ય લોકોમાં નિર્ભયતા જોવા મળતી હતી એમ સાંભળ્યું છે, પણ અહીં પ્રત્યક્ષ જોવા મળ્યું. ઈમરજન્સી સામે અને બીજી લડતો જોઈ છે, ભાગ પણ લીધો છે, પણ આટલી નિર્ભયતા ક્યારેય જોઈ નથી. મેં મારા જીવનમાં આટલા ડરેલા શાસકો ક્યારેય જોયા નથી. ભારતમાં નહીં દુનિયામાં પણ આટલા ડરેલા શાસકો ભાગ્યે જ જોવા મળશે. જેને કાયમ માટે રાજકીય રીતે ખતમ કરી દેવા અબજો રૂપિયા ખર્ચીને "પપ્પુ"ની ઈમેજ બનાવવામાં આવી હતી એ પપ્પુનું અર્થાત્ રાહુલ ગાંધીનું વિરાટ દર્શન હેરાન કરી મુકનારું છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સામે તેનાં શતાબ્દી વર્ષમાં અભૂતપૂર્વ સંકટ પેદા થયું છે અને એ પણ જેવું તેવું નહીં. એ સંકટ પ્રતિષ્ઠાનું છે અને એનાથી વધારે અસ્તિત્વનું છે, પ્રાસંગિકતાનું છે. સો વરસની મહેનત પછી માંડ ભારત દેશ હાથમાં આવ્યો અને તેને તેઓ પોતાની રીતે ઘડવા જતા હતા ત્યાં લોકો (હિંદુઓ કહો) સાવધાન થઈ ગયા, રસ્તા પર ઉતરી પડ્યા અને તેને પાછો છીનવી રહ્યા છે. ૧૯૨૫ની સાલમાં દશેરાના દિવસે નાગપુરમાં સંઘની સ્થાપના થઈ હતી. ૨૦૨૫-૨૬નું વર્ષ સંઘની શતાબ્દીનું વર્ષ છે જેની પૂર્ણાહુતિ આ દશેરાના દિવસે થશે. આપણે આજે સંઘની શતાબ્દી અવસરે સંઘની સો વરસની યાત્રાની વાત કરીએ.

અત્યારે દેશમાં જે પરિસ્થિતિ આકાર પામી છે એ જોઇને જે લોકો વેદોથી લઈને વિનોબા ભાવે સુધીના દાર્શનિકોએ વિકસાવેલી ભારતની કલ્પના (Idea of India)ને વરેલા છે તેમના માટે અત્યંત સુખદ ઘડી છે અને જે લોકો વિનાયક દામોદર સાવરકરે વિકસાવેલી હિંદુરાષ્ટ્રની કલ્પનાને વરેલા છે એ લોકો માટે અત્યંત દુ:ખદ ઘડી છે.

ભારત વિશેની એ બે કલ્પના શી છે એ હું અહીં અનેકવાર લખી ગયો છું એટલે તેને વિસ્તારથી કહેવાની જરૂર નથી. પહેલી કલ્પનાના પાયામાં હિંદુ દર્શનને સુસંગત સહિયારાપણું છે, વસુંધરા

**નો નોનસેન્સ**
**રમેશ ઓઝા**

કુટુમ્બકમ છે, સહિષ્ણુતા છે, ન્યાય છે, સર્વધર્મ સમભાવ છે અને બંધારણ દ્વારા સુરક્ષિત કાયદાનું રાજ છે. હિંદુ રાષ્ટ્રવાદીઓની કલ્પનાના ભારતમાં હિંદુઓનું વર્ચસ અને સર્વોપરિતા છે. આ દેશ માત્ર હિંદુઓના હાથમાં સુરક્ષિત રહી શકે છે, કારણ કે હિંદુઓની જન્મભૂમિ અને પવિત્રભૂમિ ભારત છે. ભારત સિવાય અન્યત્ર બીજા કોઈ દેશ માટે હિંદુઓની વફાદારી શક્ય નથી, જ્યારે કે અન્યોત્રીની પવિત્ર ભૂમિ અન્યત્ર હોવાને કારણે તેમ જ તેના સ્વધર્મિય અન્યત્ર રહેતા હોવાને કારણે તે ધર્મથી દોરવાઈને પોતાની જન્મભૂમી સાથે વિશ્વાસઘાત કરી શકે છે. આનો અર્થ એ થયો કે જો તમારે તમારા દેશને સુરક્ષિત રાખવો હોય તો દેશની અંદર રહેલા અને તમારી આસપાસ રહેતા દુશ્મનને ઓળખવો જોઈએ, તેનાથી સાવધાન રહેવું જોઈએ, તેને અંકુશમાં રાખવા જોઈએ. પણ આ ક્યારે થાય? બે જરૂરિયાત છે: પહેલી જરૂરિયાત એ છે કે હિંદુ હિંદુ તરીકે સંગઠીત થાય અને બીજી જરૂરિયાત એ છે કે હિંદુ હિંદુ હોવાપણાને વિકસાવે. વી. ડી. સાવરકરે તેને 'હિન્દુત્વ'તરીકે ઓળખાવ્યું છે.

**ભારત સિવાય અન્યત્ર બીજા કોઈ દેશ માટે હિંદુઓની વફાદારી શક્ય નથી!**

૧૯૨૩ની સાલમાં વિનાયક દામોદર સાવરકરે હિન્દુત્વની ઉક્ત થીસિસ વિકસાવી અને ૧૯૨૫ની સાલમાં દશેરાના દિવસે નાગપુરમાં ઉક્ત થીસીસને સાકાર કરવા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના કરવામાં આવી. સ્થાપના કરનારાઓમાં ડો. કેશવ બલિરામ હેડગેવાર સાથે સાવરકરના મોટાભાઈ ગણેશ દામોદર સાવરકર પણ હતા. દર્શન સામે હતું અને હવે તેને સાકાર કરવાનું હતું અને તેને લઈને એક યાત્રા શરૂ થાય છે. એ યાત્રાને આ દશેરાના દિવસે સો વરસ પૂરાં થાય છે. ૨૦૨૫-૨૬નું વર્ષ સ્થૂળ અર્થમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની શતાબ્દીનું વર્ષ માત્ર નથી, એ યાત્રાની શતાબ્દીનું વર્ષ છે. એવી યાત્રા જે વેદો, ઉપનિષદો, મધ્યકાલીન સંતો અને સૂફીઓ, આધુનિક સંતો વગેરેએ મળીને જે હિંદુ પીંડ ઘડ્યો છે તેને નકારનારી સામેના છેડાની યાત્રા. એવી યાત્રા જે રાજા રામમોહન રોયથી લઈને વાયા ગાંધી જવાહરલાલ નેહરુ સુધીના લોકોએ વિકસાવેલી ભારતની કલ્પનાની યાત્રાથી બિલકુલ સામેના છેડાની યાત્રા. એવી યાત્રા જે બંધારણસ્વીકૃત ભારતની કલ્પનાને નકારનારા સામેના છેડાની યાત્રા.

સામેના છેડાની એ યાત્રા હતી અને સો વરસ સુધી એ નિરંતર ચાલતી રહી. પ્રતિકુળતાઓનાં અંબર વચ્ચે એ ચાલતી રહી. હાર્યા વિના, થાક્યા વિના, ક્ષણવાર પણ થોભ્યા વિના એ ચાલતી રહી. યાત્રાના ૯૦માં વરસે પૂર્ણ બહુમતી સાથે કેન્દ્રમાં સત્તા કબજે કરી ત્યારે તેમને લાગ્યું કે હવે ભારતીય રાષ્ટ્રને હિંદુ રાષ્ટ્રમાં પરિવર્તિત કરી શકાશે અને યાત્રા જ્યારે શતાબ્દીએ પહોંચશે ત્યારે ભારત લગભગ હિંદુ રાષ્ટ્ર બની ચુક્યું હશે. કમસેકમ ફાઉન્ડેશન થઈ ચુક્યું હશે અને પછી ઈમારત બંધાતી જશે.

વિધીનો ખેલ જુઓ! હિંદુ રાષ્ટ્ર નિર્માણ યાત્રાના શતાબ્દી વર્ષે વિનાયક દામોદર

...અનુસંધાન પાના નં. 4 પર

**સિલી પોઇંટ** — ત્ર્યંબક



'મુદ્દા'ના મુદ્દે કોઈએ ગભરાવાની જરીર નથી, મુદ્દાનો તો તુટો નથી, જ્ઞાનેશકુમાર, મોદી, RSS, SIR, વોટચોરી, જંતર-મંતર, મોંઘવારી, ભ્રષ્ટાચાર અને એવું તો ઘણું.. દેશ ભલે ખાડે જાય પણ આપણો ટારગેટ માત્ર સરકારને ઉથલાવવાનો જ છે.